ઘરેથી શાકભાજી લેવા જવાનું કહી નીકળ્યા હતા ત્યારબાદ ઘરે પરત જ ન ફર્યા

## પાવાગઢના જંગલમાંથી આધેડનો ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.1

પાવાગઢ ડુંગર પર આવેલા જંગલ વિસ્તારમાં એક આધેડ પુરુષનો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પાવાગઢ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને કબજે લઈ હાલોલની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.



મળતી માહિતી મુજબ, મૃતકની ઓળખ મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના કુશલગઢના રહેવાસી બાદાભાઈ દલાભાઈ તરીકે થઈ છે. તેઓ હાલ વડોદરા શહેરમાં ગુરુકુળ ચાર રસ્તા નજીક પરિવાર સાથે રહેતા હોવાનું જાણવા મળ્યું છે.

પરિવારજનોના જણાવ્યા મુજબ, બાદાભાઈ ઘરેથી શાકભાજી લેવા જવાનું કહીને નીકળ્યા હતા. જોકે, તેઓ લાંબા સમય સુધી પરત ન ફરતાં પરિવારજનો ચિંતિત બન્યા હતા. બાદમાં પરિવાર દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન પાવાગઢ ડુંગર પર આવેલા જંગલ વિસ્તારમાંથી બાદાભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા ઘટનાની જાણ પાવાગઢ પોલીસને કરવામાં આવી હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. બાદાભાઈ ઘરે શાકભાજી લેવા જવાનું કહીને નીકળ્યા બાદ પાવાગઢ સુધી શા માટે પહોંચ્યા હતા અને કયા સંજોગોમાં તેમણે આ પગલું ભર્યું તે અંગે અનેક સવાલો ઉભા થયા છે. તેમનું મોત આત્મહત્યાના કારણે થયું છે કે અન્ય કોઈ કારણસર તે અંગે હાલ કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકશે. હાલ પાવાગઢ પોલીસે સમગ્ર ઘટનાને લઈ તપાસ શરૂ કરી છે. પરિવારજનો તથા સંબંધિત લોકોની પૂછપરછ સહિતની કાર્યવાહી હાથ ધરી બાદાભાઈ પાવાગઢ કેવી રીતે પહોંચ્યા અને તેમના મોત પાછળનું ચોક્કસ કારણ શું છે તે અંગે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

તહેવારો દરમિયાન કાયદો-વ્યવસ્થા અને ચોરીના બનાવોને લઈને પોલીસ સતર્ક

## બોડેલી પોલીસ સ્ટેશન ખાતે સોસાયટી પ્રમુખો સાથે બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.1

બોડેલી પોલીસ સ્ટેશન ખાતે આજે સાંજે પોલીસ ઈન્સ્પેક્ટર (PI) શ્રી પી.એસ. બરંડાની અધ્યક્ષતામાં બોડેલી ટાઉન વિસ્તારમાં આવેલી તમામ સોસાયટીઓના પ્રમુખો સાથે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું આ બેઠકમાં આગામી દિવસોમાં યોજાનાર વિવિધ તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે ઉપરાંત બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ચોરીના બનાવો અંગે ચર્ચા કરવામાં આવી હતી સોસાયટીના આગેવાનોને સી સી ટીવી કેમેરા લગાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો અને વોચમેન



રાખવા માટે પણ અનુરોધ કરાયો હતો સાથે સાથે બંધ મકાન હોય તો પોલીસ સ્ટેશનમાં જાણ કરવા માટે ના સૂચનો આપવામાં આવ્યા હતા અને પરિવાર સાથે બહાર જાય ત્યારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી અમે બહાર છે તેવું દર્શાવવું નહીં તેના ઉપર ખૂબ જ ભાર મૂક્યો હતો

સોસાયટી વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા તથા નાગરિકોની સતર્કતા વધારવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યા હતા બેઠકમાં બોડેલી નગરના વરિષ્ઠ નાગરિકો, આગેવાનો હાજરી આપી હતી પોલીસ અને નાગરિકો વચ્ચે સંકલન વધુ મજબૂત બને અને તહેવારો દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી યોજાનારી આ બેઠક મહત્વપૂર્ણ બની હતી.

શેર બજારમાં ઊંચા વળતરની જાહેરાત થી સાવધાન.!

## વાઘોડીયામાં રોકાણના નામે સોશિયલ મીડિયા મારફતે ૧.૬૦ કરોડની કરી ઠગાઈ

પોલીસે સાયબર ક્રાઇમનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.1

વાઘોડિયા તાલુકાના શ્રી પોર ટીંબી ગામ પાસે રહેતા સિધ્ધરાજસિંહ દપસસિંહ મેતીયા ઉ.વ.૩૪ એ સોશિયલ મીડિયા પર શેરબજારમાં ઊંચા વળતરની લલચામણી જાહેરાત જોઈ રોકાણ કરવું ભારે પડ્યું છે. નુવામા વેલ્થ મેનેજમેન્ટ કંપનીના નામે ખોટી ઓળખ આપી ગઠિયાઓએ વેપારી પાસેથી 1.60 કરોડ પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વાઘોડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે ફરિયાદીએ સોશિયલ મીડિયા પર શેરબજારમાં રોકાણની જાહેરાત પર ક્લિક કર્યું હતું. ત્યારબાદ તેમને '68-Nuvama Inner Circle Acces' નામના વોટ્સએપ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. બાદમાં મીરા ઐયર નામની મહિલાએ પોતે નુવામા કંપનીના પ્રોફેસર આશિષ કેહરની આસિસ્ટન્ટ હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. આરોપીઓએ ફરિયાદીને 'VIP-SERVICE 111' નામના બીજા ગ્રુપમાં એડ કરી 'Nam Hck' નામની એપ ડાઉનલોડ કરાવી હતી. આ એપ મારફતે અલગ-અલગ તારીખે અલગ-અલગ બેંક ખાતામાં કુલ 1,60,20,000 નું રોકાણ કરાવ્યું હતું. એપમાં નફા સાથે 1,89,90,337 જમા હોવાનું બતાવવામાં આવતું હતું. ફરિયાદીએ રકમ ઉપાડવાનો પ્રયાસ કરતા પૈસા ઉપડ્યા ન હતા. સંપર્ક કરતા 48 કલાકમાં પૈસા આવી જશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. બાદમાં ગઠિયાઓએ એપમાં 'Augmont Enterprises Ltd.' ના IPO ના 5.16 કરોડની કિંમતના 2,15,650 શેર એલોટ થયા હોવાનું ખોટું દર્શાવ્યું હતું અને બાકીના 3.26 કરોડ ભરો તો જ નફો ઉપાડવા મળશે તેવી શરત મૂકી હતી.પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવતા ભોગ બનનારે વાઘોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સાયબર ક્રાઈમની મદદથી તપાસ હાથ ધરી છે.

પતિના દીર્ઘાયુ અને પરિવારની સુખ-શાંતિ માટે પ્રાર્થના

## વડોદરાના સિંધી સમાજની મહિલાઓએ ઉજવ્યું 'તિજરી વ્રત

નિર્જળા અને નિરાહાર ઉપવાસ રાખી કરી તીજરી માતાની પૂજા-અર્ચના



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧

વડોદરા શહેરમાં પરંપરાગત અને ધાર્મિક ઉત્સવોની ઉજવણીની શ્રેણીમાં વધુ એક પવિત્ર પર્વ ઉમેરાયું છે. તાજેતરમાં વડોદરા શહેરના સિંધી સમાજની સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા પોતાના પતિના નિરોગી દીર્ઘાયુ, સુખાકારી તેમજ પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિની કામના સાથે પરંપરાગત 'તિજરી વ્રત' અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યું હતું. સિંધી સમાજની આ પ્રાચીન પરંપરા મુજબ, વ્રતની આગલી રાત્રે જ મહિલાઓએ ઉત્સાહપૂર્વક પોતાના હાથમાં મહેંદી મૂકીને આ પર્વની પૂર્વ તૈયારીઓ કરી હતી. તીજના દિવસે વહેલી સવારે નાસ્તો કે ભોજન લીધા બાદ સૂર્યોદયથી લઈને ચંદ્રોદય સુધી મહિલાઓએ કઠિન નિર્જળા અને નિરાહાર ઉપવાસ રાખ્યા હતા. આખો દિવસ આસ્થાના રંગમાં રંગાયેલી મહિલાઓએ તીજરી માતાની વ્રત કથાનું શ્રવણ કર્યું હતું અને વિધિવત પૂજન-અર્ચન કર્યું હતું.

## વડોદરાના માંડવી વિસ્તારમાં શ્રી મહાકાળી માતાજી મંદિરે ૯૪મા પાટોત્સવ નિમિત્તે અન્નકુટ દર્શન



હાલ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે જેમાં હવે માંડ એકાદ સપ્તાહનો સમય બાકી છે ત્યારે શ્રાવણ માસના આખરી ચરણમાં સૌ હિન્દુ દેવી દેવતાઓના મંદિરોમાં હિંડોળા દર્શન અને અન્નકૂટો ભરાય છે વડોદરાના માંડવી વિસ્તારમાં આવેલા શ્રી મહાકાળી માતાજીના ૯૪મા પાટોત્સવ નિમિત્તે અન્નકુટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા અને દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી

## સંખેડા તાલુકા પંચાયતમાં ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ અંગે માર્ગદર્શન બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા.1

આજરોજ સંખેડા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી (TDO), તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, હાજર રહ્યા હતા. બેઠકમાં પ્રમુખના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતના વિકાસ કામોને લગતા મુદ્દાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પત્ર નં. PRHRDD/0109/08/2026, તા. 12-08-2026 અન્વયે ભારત સરકારના 15મા નાણાપંચ



અંતર્ગત વર્ષ 2026-31 માટે ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ (RLBs) ને મળતી ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અનટાઈડ ગ્રાન્ટમાંથી ગ્રામ પંચાયતની સ્થાનિક જરૂરિયાત મુજબના અન્ય વિકાસ કામો એનેક્ષર-2 મુજબ લેવાના રહેશે. દરેક ગ્રામ પંચાયતમાં સરપંચ અધ્યક્ષ, તલાટી સભ્ય સચિવ, ગ્રામ સેવક અને 2 સભ્યોની સમિતિ બનાવી GPDP તૈયાર કરવાનો રહેશે. GPDP નું આયોજન કરતી વખતે મુખ્યમંત્રી ગ્રામોદ્ધાન યોજના, અટલવાડી યોજના, નિર્મળ ગામ યોજના, સોલિડ-લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ જેવી યોજનાઓ સાથે કન્વર્જન્સ કરવાનું રહેશે. રૂ. 5 લાખથી વધુના કામોમાં ભાગલા પાડવા નહીં અને ફરજિયાત ટેન્ડર પ્રક્રિયા કરવી. - તમામ કામો 31મી જાન્યુઆરી 2027 સુધીમાં e-Gram સ્વરાજ પોર્ટલ પર અપલોડ કરવા. - મંજૂર થયેલા કામો સિવાય અન્ય કોઈ કામો લઈ શકાશે.

MSUના હિન્દી વિભાગના એસો. પ્રોફેસર ગૌરવ પામ્યા

## ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ પુરસ્કાર એનાયત કરાયો

( પ્રતિનિધિ )વડોદરા,તા.1

એમ.એસ.યુનિવર્સિટીના હિન્દી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડો. અનિતા શુક્લને તેમની અનૂદિત પુસ્તક પ્રતિશ્રુતિ માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અનુવાદની શ્રેણીમાં વર્ષ 2024 નો પ્રથમ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો છે. પ્રતિશ્રુતિ એ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ ઉપન્યાસકાર ધ્રુવ ભટ્ટના ગુજરાતી ઉપન્યાસનો હિન્દી અનુવાદ છે. ધ્રુવ ભટ્ટ લિખિત આ નવલકથા વન, સમસાગર, નદી અને માનવ જીવનના અંતરંગ સંબંધોને ઉજાગર કરે છે, જેનો ડો. શુક્લએ અત્યંત સહજ અને સાહિત્યિક રીતે હિન્દીમાં અનુવાદ કર્યો છે. ડો.અનિતા શુક્લ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં હિન્દી વિભાગમાં



છેલ્લા અનેક વર્ષોથી સેવા આપી રહ્યા છે અને અનુવાદ ક્ષેત્રે તેમનું વિશેષ પ્રદાન રહ્યું છે. તેમને આ અગાઉ પણ અનેક સન્માનો પ્રાપ્ત થયા છે. તેમની આ સિદ્ધિ બદલ યુનિવર્સિટી પરિવાર અને સાહિત્ય જગતે તેમને અભિનંદન પાઠવ્યા છે.

MSUના પ્રો. પ્રદીપ ટી દેવતાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓની સિદ્ધિ

## માત્ર ૭ મહિનામાં મેળવી ભારતીય પેટન્ટ, નવી ચેપ-વિરોધી દવાની શોધ

કુમારિન-સલ્ફોનામાઇડ-પાઇપરઝિન હાઇબ્રિડથી બનેલી દવા બેક્ટેરિયા, ફંગસ અને મેલેરિયા સામે અસરકારક







( પ્રતિનિધિ )વડોદરા,તા.1

એમ.એસ.યુનિવર્સિટીની ટેકનોલોજી અને એન્જિનિયરિંગ ફેકલ્ટીએ સંશોધન ક્ષેત્રે વધુ એક છોગું ઉમેર્યું છે. ફેકલ્ટીના એપ્લાઇડ કેમિસ્ટ્રી વિભાગે વિકસાવેલી અનેક લક્ષ્યો પર અસર કરતી ચેપ વિરોધી દવાઓની નવી શ્રેણીને માત્ર સાત મહિનાના ટૂંકા ગાળામાં ભારતીય પેટન્ટ પ્રાપ્ત થઈ છે, જે યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે. સંશોધન કુમારિન સલ્ફોનામાઇડ પાઈપરઝિન હાઈબ્રિડ માળખા પર આધારિત રસાયણોના વિશિષ્ટ સંયોજનમાંથી બનેલી દવાઓની શ્રેણી વિકસાવવા પર કેન્દ્રિત હતું. લેબોરેટરી પરીક્ષણોમાં આ વર્ગના સંયોજનોએ એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ફંગલ એજન્ટ તરીકે પ્રબળ સક્રિયતા દર્શાવી હતી. આ સંશોધનની સૌથી મોટી ખાસિયત એ છે કે, કેટલાક સંયોજનોએ મેલેરિયા-વિરોધી સક્રિયતા પણ દર્શાવી હતી, જે મેલેરિયાની જાણીતી અને વ્યાવસાયિક દવા ક્લોરોક્વિન ની સમકક્ષ હોવાનું સાબિત થયું છે. આ શોધ ભવિષ્યમાં દવા પ્રતિરોધક ચેપ સામે લડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. આ મહત્વપૂર્ણ સંશોધન કાર્ય પ્રોફેસર પ્રદીપ ટી દેવતાના માર્ગદર્શન હેઠળ એપ્લાઇડ કેમિસ્ટ્રી વિભાગના તેજસ્વી વિદ્યાર્થીઓ, નિધિ કહાર અને જયદેવ વાઘેલા દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. આટલા ઓછા સમયમાં પેટન્ટ મળવી એ તેમની મહેનત અને યુનિવર્સિટીની સંશોધન ક્ષમતાનો પુરાવો છે.

જુની બોડેલી વિસ્તારમાં વિફરેલી ગાયનો આતંક

## ગામમાં રાહદારીઓ- વાહનચાલકોને સિંગડે ભેરવ્યા, એક યુવક ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) બોડેલી, તા.1

બોડેલી નગરનાં જુની બોડેલી વિસ્તારમાં એક હડકાયેલી ગાયે લોકોમાં ભારે ફફડાટ ફેલાવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં ફરી રહેલી ગાયે અનેક રાહદારીઓ અને વાહનચાલકોને સિંગડે ભરાવી ઈજાગ્રસ્ત કર્યા છે. આ બનાવમાં એક યુવક રસુલભાઈ ને ગાયનું સિંગડું આંખના ભાગે વાગતાં ગંભીર ઈજા થઈ હતી, જેમને સારવાર માટે બોડેલી દેવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજા બનાવમાં મંજુબેન



નામની મહિલા પોતાના ઘરમાં હતા ત્યારે અચાનક ગાય ઘરમાં ઘૂસી આવી હતી અને તેમને પગ વડે કચડી નાંખ્યા હતા. આ સમયે તેમની વહુએ સમયસૂચકતા દાખવી તેમનો બચાવ કર્યો હતો, જોકે મંજુબેનનાં પગમાં ગંભીર ઈજા થઈ હતી. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં આવેલી શાળાની આજુબાજુ પણ આ ગાય આંટાફેરા મારતી જોવા મળતી હોય છે, જેના કારણે વાલીઓ પોતાના બાળકોને શાળાએ મોકલતા ડરી રહ્યા છે. બાળકો અને વૃદ્ધો પણ ગાયના ડરથી ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. સ્થાનિક રહીશોએ તંત્રને જાણ કરતાં નગરપાલિકા દ્વારા રેસ્ક્યૂ ટીમ બોલાવી આ હડકાયેલી ગાયને પકડી પાડી યોગ્ય સ્થળે ખસેડીને બાંધવામાં આવી છે અને હાલ પશુ ડોક્ટર દ્વારા આ ગાય સારવાર હેઠળ છે.

## રક્ષાબંધન પર્વે બ્રહ્માકુમારી અટલાદરા ખાતે ડૉ. હેમાંગ જોશીએ આશીર્વાદ મેળવ્યા

વડોદરા: રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બ્રહ્માકુમારી અટલાદરા ખાતે ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. હેમાંગ જોશીએ અરુણા દીદી, પૂનમ દીદી સહિત બ્રહ્માકુમારી બહેનોના સાનિધ્યમાં રક્ષાસૂત્ર બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, બ્રહ્માકુમારી અટલાદરા કેન્દ્ર સાથે લાંબા સમયથી આત્મીય સંબંધ રહ્યો છે. બાબાના આશીર્વાદ અને બ્રહ્માકુમારી બહેનોનો સ્નેહ સતત મળતો રહ્યો છે. જીવનમાં કોઈ શુભ પ્રસંગ કે સારો પડાવ આવે ત્યારે અટલાદરા ખાતે આવી બાબાના રૂમમાં બેસીને સકારાત્મક સ્પંદનો મેળવવાનો પ્રયાસ કરતા હોવાનું તેમણે જણાવ્યું હતું.

કંપનીઓના કેમિકલ અને ગેરકાયદે ડ્રેનેજ જવાબદાર હોવાનો આક્ષેપ

## વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં ફરી મગરનું મોત, પ્રાણી પ્રેમીઓમાં રોષ

વનવિભાગ દ્વારા પીએમ કરાશે ? જીવદયા પ્રેમીઓમાં આક્રોશ

( પ્રતિનિધિ )વડોદરા,તા.1

વડોદરાની વિશ્વામિત્રી નદીમાં ફરી એકવાર મગરના મોતની ઘટનાએ ચકચાર મચાવી છે. વેમાલી સ્મશાનની પાછળથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં એક મહાકાય મગરનો મૃતદેહ તરતો જોવા મળતા સ્થાનિકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. મગરનો મૃતદેહ દેખાતા લોકોએ તાત્કાલિક સંબંધિત વિભાગને



જાણ કરી હતી. જેના પગલે ફાયરબ્રિગેડ અને વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ભારે જહેમત બાદ મગરના મૃતદેહને નદીમાંથી બહાર કાઢીને વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ મૃત મગર 8થી 10 ફૂટ લાંબો મહાકાય હતો. વનવિભાગ દ્વારા હવે મગરના મોતનું સાચું કારણ જાણવા માટે તેનું પીએમ (પોસ્ટમોર્ટમ) કરવામાં આવશે. બીજી તરફ, વિશ્વામિત્રીમાં અવારનવાર જળચર જીવોના મોતની ઘટનાઓને લઈ પ્રાણી પ્રેમીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પ્રાણી પ્રેમીઓએ આક્ષેપ કર્યો છે કે, વિશ્વામિત્રી નદીમાં આસપાસની કંપનીઓ દ્વારા કેમિકલ યુક્ત પ્રવાહી, હોટેલો દ્વારા એઠવાડ અને ગેરકાયદેસર ડ્રેનેજો દ્વારા મળમૂત્રવાળું દૂષિત પાણી છોડવામાં આવે છે, જેના કારણે નદીનું પાણી પ્રદૂષિત થતા જળચર જીવોના મોત થઈ રહ્યા છે.